

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના આગીયોલ પાસે આવેલ ગ્રોમોર કેમ્પસમાં બુધવારેના રોજ આર્ટ ફેસ્ટો-૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૦૦ વિદ્યાર્થીઓ અને ૨૫ જેટલા ગુજરાતના ચિત્રકારોએ ભાગ લીધો હતો. ચિત્રકારોએ બે કલાકમાં વિવિધ ચિત્રો દોર્યા હતા ત્યારબાદ ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું જેમાં સારા ચિત્રોની પસંદગી કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તો આ ફેસ્ટોમાં સુરતના પ્રોફેશન ચિત્રકાર અખ્તર ટ્રેલરે છ વિવિધ જેટલા રૂ ૧૦૦ના ૭૦૦ ગ્રામ કલરનો ઉપયોગ કરી બે કલાકમાં બેટી બચાવો બેટી પઢાવો રંગોળી ચિત્ર દોર્યું હતું જે પ્રદર્શનમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ આર્ટ ફેસ્ટો-૨૦૨૦માં જીલ્લા શિક્ષણાધિકારી એસ.કે. વ્યાસ, ગ્રોમોર કેમ્પસના સંચાલક ભાઈલાલભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ સહીત આચાર્ય અને શિક્ષકોએ ઉપસ્થિત રહી આર્ટ ફેસ્ટોને સફળ બનાવ્યો હતો.

# આદરજ મોટીથી વિજાપુર રેલ લાઈનના ગેજ પરિવર્તનનુ કામ ચાર વર્ષથી અટવાયુ

## વર્ષ ૨૦૧૬માં બજેટ મંજુર કરાયા બાદ પણ હજુ સુધી કામગીરી સર્વેના તબક્કામાંથી બહાર આવી નથી : લાંબા અંતરની ટ્રેન માટે આશાવાદ

ગાંધીનગર તા ૫

આદરજ મોટી થી વિજાપુર મીટર ગેજ લાઈનનુ બ્રોડ ગેજમાં રૂપાંતર કરવાનુ કામ છેલ્લા ઘણાં સમયથી અટવાયેલુ છે. ત્રણ વર્ષના અંતે પણ આ કામગીરી સર્વેના તબક્કામાંથી બહાર આવી નથી જયારે કામ પણ શરૂ કરાયુ નથી જેના લીધે ગાંધીનગર મહેસાણા રૂટની લાઈનને લાંબા અંતરની ટ્રેઈન મળવામાં પણ વિલંબ થઈ રહ્યો છે. તેવી લાગણી સાથે આ કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ સ્થાનિક અગ્રણીઓએ કરી છે.

મોટી આદરજથી વિજાપુર મીટર ગેજ લાઈનનુ બ્રોડ ગેજમાં રૂપાંતરિત કરવા માટે અગાઉ સે-૨૬ કીસાનનગર વસાહત મંડળે રજુઆત કરવામાં આવી હતી. જયારે આ કાર્યયોજના અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬ના બજેટમાં અંદાજિત રૂ ૨૯૬ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. જયારે આ અન્વયે લાઈનમાં સર્વેનુ કામ ચાલી રહ્યુ છે. પરંતુ ચાર વર્ષના અંતે પણ ગેજ પરિવર્તનનુ કામ શરૂ કરાયુ નથી. જયારે ગેજ પરિવર્તાનનુ કામ ઝડપથી શરૂ કરવા માટે વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર કોન્ટ્રાકટરને સુચના આપે તેવી મહેસાણા અનો ગાંધીનગર જિલ્લાના નાગરિકોએ પ્રબળ માંગ ઉઠાવી હોવાનુ પણ કિસાનનગરના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલે જણાંવ્યુ છે. ગુજરાત સરકારના રેલવ વિભાગ દ્વારા પણ આ કામગીરી ઝડપથી શરૂ થાય તે માટે રેલવેના જનરલ મેનેજરને રજુઆત કરવામાં આવે તેવી લાગણી સેકટરના અગ્રણીઓએ વ્યકત કરી છે. ગાંધીનગર અને મહેસાણા રૂટની નવી ટ્રેઈન શરૂ કરવા માટે આ કામગીરી મહત્વની પુરવાર થાય તેમ હોવાથી આ કામગીરી ઝડપથી શરૂ કરવા માટે સુર ઉઠવા પામ્યો છે. આ કામગીરીના અંતે ગાંધીનગર મહેસાણાને લાંબા અંતરની ટ્રેઈન મળશે તેવી આશા પણ સ્થાનિકો સેવી રહ્યા છે.



માર્ગ સલામતિ સપ્તાહની ઉજવણીના 'નાટકો'ને તમાચો મારતી આ તસવીર મોડાસાથી અમદાવાદ મુસાફરો ભરીને બેફામ-બેરોકટોક દોડતી જીપગાડીની છે. હેલ્મેટ વિનાના બાઈક ચાલકોને ઝડપીને દંડ કરનાર પોલીસને આ જીપગાડી નહીં દેખાતી હોય ? અનેક જિલ્લા-નગર અને ગામોને વટાવીને દોડતી આ અને આવી જીપગાડીઓ મુસાફરો માટે ભારે જોખમી છે. પરંતુ હપ્તાના સેટીંગથી આમ મોતને મુઠ્ઠીમાં રાખી બિન્દાસ તે દોડતી જોવા મળે છે. એસ.ટી.ની અસુવિધા અને 'જીપડા'ની સુવિધા મુસાફરોને માટે મજબુરી સમાન છે.

# મહેસાણા ખાતે ઔધોગિક ભરતી મેળાનું આયોજન

મહેસાણા, તા. ૫

જિલ્લા રોજગાર કચેરી મહેસાણા દ્વારા તાલુકાકક્ષાએ ઔધોગિક ભરતી મેળાનું તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખાનગી ક્ષેત્રના નોકરી દાતાઓ હાજર રહી જરૂરિયાત મુજબની લાયકાતવાળા ઉમેદવારની ખાનગી ક્ષેત્ર જગ્યા માટે પસંદગી કરશે. ભરતી મેળામાં ભાગ લેવા માંગતા જી.આઈ.ડી.સી., કોમ્યુનિટીહોલ, પાણીની ટાંકી પાસે, મોઢેરા ચાર રસ્તા જી.આઈ.ડી.સી., મહેસાણા તા-જી-મહેસાણા, મહેસાણા જિલ્લાના તમામ તાલુકાનાં રોજગાર વાંચ્છુઓએ પોતાના બાયોડેટા નંગ ૫, ફોટા તથા અસલ પ્રમાણપત્ર અને તેની નકલ સાથે સ્વ ખર્ચે સવારે-૧૦ કલાકે હાજર રહેવું તેમ રોજગાર અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# તલોદના બીએસએનએલના ગ્રાહકો ભારે પરેશાની ભોગવે છે

તલોદ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના તલોદનગર અને તાલુકા પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી બીએસએનએલની મોબાઈલ નેટવર્ક સેવા તદન ખાડે ગઈ છે. જેથી ગ્રાહકો ભારે આપદાનો ભોગ બન્યા છે. બીજી તરફ તલોદ એક્ષચેંજના સત્તાધીશો 'સબ સલામત હૈ...'ની એકજ કેસેટ વગાડી રહ્યા છે. કલાકમાં અનેક વખત નેટવર્ક જતુ રહે, ફોન જો લાગે તો, અવાજ ક્યાય અને ઈન્ટનેટમાં પણ ધાંધીયાઓ જાણે કે બીએસએનએલની વિશિષ્ઠતા બની ચુક્યા છે.

બીએસએનએલના તલોદ તાલુકાના સીમકાર્ડ ધારકો નેટવર્કની ભારે ઉપાધીને કારણે લાંબા સમયગાળાથી આપદા ભોગવી રહ્યા છે. એક-બીજાને ફોન નહી લાગતાં અન્ય કંપનીના સીમકાર્ડ ખરીદવાની ગ્રાહકોને જાણે કે નાહકની ફરજ પડી રહી છે. ઠેરઠેર તોતીંગ ટાવરો ઉભા કર્યા બાદ અને ઓપ્ટીકલ ફાયબર કેબલ નાંખ્યા બાદ પણ આવી વરવી વાસ્તવિકતાથી બીએસએનએલના કાર્ડવાળા મોબાઈલ ઉપભોકતાઓ ભારે ત્રાહિમામ બન્યા છે.

તલોદ એ જિલ્લાનુ અગત્યનું વેપારીમથક છે. અહીં સરકારી, અર્ધસરકારી કચેરીઓ પણ આવેલી છે. તેમજ શાળા-કોલેજો અને વાણિજ્ય સંસ્થાઓ પણ કાર્યરત છે. જ્યાં મોટો ગ્રાહક વર્ગ બીએસએનએલનો છે. પરંતુ આ તંત્ર સેવા સુવિધાના નામે તદન રેઢીયાળ પુરવાર થઈ રહ્યું છે.

બીએસએનએલનું સીમકાર્ડ ધરાવતા મોબાઈલમાં નેટવર્કના સિગ્નલ (નિશાન) ઉપર ચોકડી આવી જાય. અનેક વખત નેટવર્ક સંપૂર્ણપણે ખોરવાઈ જાય અને ગ્રાહકોનું સમયે-સમયે કામકાજ ના થાય તેનાથી વધુ ખરાબ સ્થિતિ કેવી હોઈ શકે?

આધુનિક ટેકનોલોજીના જમાનામાં અને વર્તમાન રોકેટયુગમાં આ સૌથી મોટી ટેલિકોમ કંપનીની અપહ્રુત લાલીયાવાડી, બેધ્યાનપણું અને કથિત અણઆવડતને કારણે ગ્રાહકો અન્ય કંપનીઓ તરફ વળી રહ્યા છે. જે બીએસએનએલ તંત્ર માટે ગંભીર બાબત છે.

આ નિગમના લેન્ડલાઈન ફોન ધારકો લાઈનની ભારે હાડમારીને કારણે સંખ્યાબંધ 'ડબલા' પરત જમા કરાવી દઈને લેન્ડલાઈન ફોન બંધ કરી લીધા છે. હવે આવી સ્થિતિ મોબાઈલની પણ થવા જઈ રહી છે. ત્યારે ગ્રાહકોને ઉચ્ચત્તમ અને એકધારી નેટવર્ક સેવા તંત્ર પુરી પાડે તે સમયની માંગ છે.

છાશવારે બંધ થતા નેટવર્ક સંદર્ભે તલોદ એક્ષચેંજને પુછતા તેઓ તો બધુ ગુડ છે.... એમ કહીને જાણે કે હાથ અધ્ધર કરી દેતા હોય છે. કાયમી ગ્રાહકની સમસ્યા સંદર્ભે તપાસ કરવાની જાણે કે આવડત પણ અહીં તંત્રમાં નથી. જે ભારે અચરજ બાબત છે અને તંત્ર માટે ગંભીર બાબત પણ છે.

# મહેસાણાના જિલ્લામાં પછાતવર્ગના વિદ્યાર્થીઓને નીટ, જેઈઈ, ગુજકેટના કોચીંગ માટે સહાય

મહેસાણા, તા. ૫

મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૯-૨૦માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં ધો-૧૧ અને ધો-૧૨ના સામાજિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને નીટ, જેઈઈ, ગુજકેટ પરીક્ષાની પૂર્વ તૈયારી માટે રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછુ હોય તે સીધી સહાય (ડાયરેક્ટ બેનીફીટી ટ્રાન્સફર)થી આપવામાં આવશે. આ માટે સામાજિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ધોરણ-૧૦માં ૭૦ ટકા કે તેથી વધુ ટકાવારી અને રૂ. ૪.૫૦ લાખની આવકમર્યાદા નક્કી કરવામાં આવી છે. આ આયોજન માટે વિદ્યાર્થીઓએ જે સંસ્થામાં પ્રવેશ મેળવેલ હોય તે સંસ્થા જી.એસ.ટી નંબર, ઈન્કમટેક્ષનો જરૂરી ઓડીટ રીપોર્ટ અને ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતી હોવી જોઈએ. આ અંગેનુ નિયત નમૂનાનુ અરજી પત્રક જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, (વિ.જા) મહેસાણાની કચેરી, બ્લોક.નં-૪ ભોયતળીયે, બહુમાળી મકાન, મહેસાણા-૧ માં મોકલી શકાશે. ફોન (૦૨૭૬૨) ૨૨૧૮૭૩નો સંપર્ક સાધવો.

# શ્રી દંઢાવ્ય છાઇઠ પ્રજાપતિ સમાજ આંબલીયાસણ સમાજનો સમૂહલગ્ન સમાજની વાડી આંબલિયાસણ યોજાશે

૯-૨-૨૦ના રોજ યોજાયેલ છે. આ પ્રસંગે સમાજના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિ તથા મહામંત્રી કનુભાઈ પ્રજાપતિ અને મોટી સંખ્યામાં કારોબારી મિત્રો તથા પૂર્વ પ્રમુખો તથા પ્રજાપતિ બંધુઓ અને ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ ઉપસ્થિત રહેશે. સમાજના ૨૯મા સમૂહલગ્નના સંપૂર્ણ ભોજન દાતા રાજપુર હાલ ગાંધીનગરના કોકીલાબેન કાલિદાસ પ્રજાપતિ છે. સમાજના આ સમૂહલગ્ન સમારંભમાં ૨૭ નવયુગલો પ્રભુતામા પગલાં માંડશે. આ પ્રસંગે સૌને પધારવા આમંત્રણ છે. આ સંપૂર્ણ માહિતી શ્રી દંઢાવ્ય છાઇઠ પ્રજાપતિ સમાજ આંબલીયાસણના ઉપપ્રમુખ કે.પી. પ્રજાપતિએ જણાવેલ છે.

# ડીઝીટલ ગુજરાતના નિર્માણ ક્ષેત્રે ગુજરાત સરકારનું વધુ એક નક્કર કદમ

## વીજ કોન્ટ્રાકટરના લાયસન્સ, વિવિધ પરીક્ષામાંથી મુક્તિ, લીફટ અને એસ્કેલેટર પ્રભાગની તમામ કામગીરીઓ ઓનલાઈન કરાઈ : ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૫

ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્યના નાગરિકોને જનહિતના લાભો સત્વરે મળી રહે તે આશયથી ડીઝીટલ ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકારે સમયબદ્ધ આયોજન કર્યું છે જેના ભાગરૂપે અનેકવિધ યોજનાઓનું ડીઝીટલાઈઝેશન થઈ રહ્યું છે. ચીફ ઈલેકટ્રીકલ કચેરી દ્વારા રાજ્યમાં વિદ્યુત શુલ્ક માફીની અરજીઓ ઓનલાઈન પોર્ટલ ઉપર સ્વીકારવાનો તથા વિદ્યુત શુલ્ક માફી ઓનલાઈન આપવા અંગેની શરૂઆત તાજેતરમાં મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી છે. આ સેવાઓને વિસ્તૃત કરતા આજે વીજ કોન્ટ્રાકટરના લાયસન્સ, વિવિધ પરીક્ષામાંથી મુક્તિ, લીફટ અને એસ્કેલેટર પ્રભાગની તમામ કામગીરીઓ ઓનલાઈન કરાઈ છે જેના થકી રાજ્યના નાગરિકોના સમયના બચતની સાથે કામગીરી વધુ વેગવાન બનશે.

મંત્રી પટેલે ઉમેર્યું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજયમાં અરજદારોને વધુમાં વધુ ઝડપી સેવાઓ, સરળ અને ઓનલાઈન મળી રહે તે માટે મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરીની કામગીરી ઓનલાઈન કરવામાં આવી છે. લાયસન્સીંગ બૉર્ડ તથા લિફ્ટ અને એસ્કેલેટર્સ ની કામગીરીને લગતાં મોડયુલ ઓનલાઈન થતાં નાગરિકોને ઉપરોક્ત સેવાઓ ઝડપથી મળતી થઈ જશે.

ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે આ અંગે વિગતો આપતાં કહ્યું કે ઓનલાઈન અરજીઓ મંજૂર કરવાના આ પ્રોજેકટ અંતર્ગત ૫ ફેબ્રુઆરી ૨૦૨૦ થી રાજયમાં વીજળી કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ મેળવવા ઈચ્છુક અરજદારો તથા સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષામાંથી મુક્તિ મેળવવા માંગતા અરજદારો, સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષા આપવા માંગતા અરજદારોએ હવેથી ઓનલાઈન અરજી કરવાની રહેશે. રાજયમાં લીફટ અને એસ્કેલેટર્સનું સ્થાપન કરવા માટે તેમજ લિફ્ટના લાયસન્સ મેળવવા તથા રીન્યુ કરવા અંગેની અરજીઓ પણ ઓનલાઈન કરવાની રહેશે.

# અમદાવાદ ખાતે વૈશ્વિકકક્ષાની પ્રથમ વાર્ષિક 'વન હેલ્થ પૌલ્ટ્રી હબ' પરિષદ યોજાશે

ગાંધીનગર, તા. ૫

વૈશ્વિકકક્ષાની પ્રથમ વાર્ષિક 'વન હેલ્થ પૌલ્ટ્રી હબ' પરિષદ આગામી ૧૦ થી ૧૪ ફેબ્રુઆરી-૨૦૨૦ દરમિયાન મેરિયોટ હોટલ, અમદાવાદ ખાતે યોજાશે. ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર અને આણંદ કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ પરિષદનું ઉદઘાટન ગુજરાતના મુખ્ય સચિવ અનિલ મુકીમ દ્વારા કરવામાં આવશે.

# ગ્રામિણ રૂટના લીધે શહેરી બસ સેવા પ્રભાવિત પ્રેસ સર્કલ પાસે કન્ટ્રોલ પોઈન્ટ કાર્યરત કરવા માંગ

## એસ.ટી. ડેપોમાં બે નવા વોટર કુલરો મુકાતા હવે ગરમીના દિવસોમાં મુસાફરોને રાહત

ગાંધીનગર તા ૫

સલામત સવારી એસ ટી અમારી શહેરી બસ સેવા ઉપરાંત ગ્રામિણ રૂટમાં પણ બસોનુ સંચાલન કરે છે. અલબત્ત ડેપો કક્ષાએથી બહારના રૂટ માટે પણ ખાસ બસ દોડાવામાં આવે છે. જયારે શહેરી બસ સેવા અન્વયે માત્ર ૧૦૪ જેટલી બસો છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે ગાંધીનગર અમદાવાદના રૂટમાં અપડાઉન કર્તાઓને સમયસર બસ મળતી ન હોવાની ફરિયાદો વધી છે. બીજીતરફ ઘ માર્ગ પર સે-૨૮ પાસે કંટ્રોલ પોઈન્ટ કાર્યરત છે. જયારે આ કન્ટ્રોલ પોઈન્ટ છેલ્લા ઘણાં સમયથી પ્રેસ ચોકડી પાસે શરૂ કરવા માટે પણ માંગ ઉઠવા પામી છે. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ નિર્ણય લેવાયો નથી. જેના લીધે પર્યાપ્ત બસ સેવા આ સ્ટેન્ડ પરથી ઉપલબ્ધ થતી નથી આ ઉપરાંત ગાંધીનગર એસ ટી ડેપોમાં રોજબરોજ અંદાજિત ૧૦૪ જેટલી બસો શહેરી બસ સેવા અન્વયે દોડે છે. અંદાજિત પ્રતિદિન ૩૫ હજાર કીમીનુ સંચાલન કરવામાં આવે છે. આ ઉપરાંત શહેરી બસ સેવા ઉપરાંત ગાંધીનગર અમદાવાદ ઉપરાંત બહારના ગ્રામ્ય વિસ્તારના રૂટોની બસ સેવા પણ ઉપલબ્ધ છે. જયારે મુસાફરોની માંગણીને ધ્યાને લઈ વધારાના રૂટોની બસો પણ દોડવાનુ આયોજન કરવામાં આવે છે. પરંતુ શહેરી બસ સેવા ઉપરાંતના રૂટોમાં બસો દોડાવાતા ઘણીવાર ગાંધીનગર અમદાવાદના રૂટમાં પણ મુસાફરોએ બસ સેવા માટે વલખા મારવા પડે છે. જેને ધ્યાને લઈ શહેરી બસ સેવા પ્રભાવિત ન થાય તે મુજબનુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. એસ ટી બસ સ્ટેન્ડમાં મુસાફરાને પીવાનુ ઠંડુ પાણી મળી રહે તે માટે બે નવા વોટર કુલરો પણ મુકી દેવાયા છે. જેથી આગામી ગરમીના દિવસોમાં મુસાફરોની તરસ છીપાશે ગત વર્ષે લાંબા સમય સુધી ડેપોમાં મુસાફરોને પીવાનુ ઠંડુ પાણી પણ નસીબ ન થતા મુસાફરોમાં રોષ પ્રવર્તયો હતો. જયારે નવા કુલરો મુકી દેવાતા આકરી ગરમીમાં ડેપોના મુસાફરોને ઠંડુ પાણી મળી રહેશે.

# આંજણા (ચૌધરી) પટેલ સમાજ સેવા મંડળના નવિન અધ્યક્ષપદે નિમણુંક

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના આંજણા (ચૌધરી) પટેલ સમાજ સેવા મંડળ સંગઠનની બેઠક તાજેતરમાં યોજાઈ હતી.આંજણા (ચૌધરી) પટેલ સમાજ સેવા મંડળ નવિન અધ્યક્ષ પદે કનુભાઈ મણીલાલ પટેલ-બાયડ,પ્રમુખ પદે જશુભાઈ જગુભાઈ પટેલ-ખેડબ્રહ્મા, મંત્રી પદે એન.ડી.પટેલ -રામનગરની નિમણુંક કરાતા આનંદની લાગણી પ્રસરી છે. આંજણા (ચૌધરી) પટેલ સમાજ સેવા મંડળ, સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા મહામંત્રી કેશુભાઈ પી.પટેલ - મોટાકોટડાવાળાએ



જણાવ્યું હતું કે આંજણા (ચૌધરી) પટેલ સમાજ સેવા મંડળ ધ્વારા ૪-૦૬ ગુઠા જમીન કરણપુર પાટીયા નેશનલ હાઈ-વે પર રખાઈ છે. માં અર્બુદાનું ભવ્યાતિભવ્ય મંદિરનું નિર્માણ, નવિન પેઢીના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક તાલીમ વર્ગોનું ભગીરથ આયોજન સારૂ ગ્રામ્ય વિસ્તારોમાંથી દાન આપતા દાતાઓને સામાજીક આગેવાનોએ બિરદાવ્યા હતા. માર્ચ-૨૦૨૦ દરમ્યાન હિંમતનગર તાલુકાના કરણપુર-પાટીયા,નેશનલ હાઈવે -૮ પર ભવ્ય સંમેલન માટે આયોજકોએ ટુંક સમયમાં બેઠકનું આયોજન કરી રહ્યા છે.

## લાગણીનો મેળો

● ચોથા પાનાનું ચાલુ

અહોભાવથી નિહાળ્યું... કવિશ્રીના ભત્રીજા સૂર્યકાન્તભાઈ સાથેનો હળવો વાર્તાલાપ... ઉમાશંકરની જન્મસ્થળી 'શબ્દપીઠ' સાચે જ એક સર્જક - કવિ માટેનાં જરૂરી આવીર્ભાવો ઉપલબ્ધ હોવાનો અહેસાસ કરાવ્યો.

પૂ. મોરારિ બાપુની કથા વિશે તો કહેવું જ શું ?!! જુદા જુદા સાહિત્યકારોના આસ્વાદ ઉપક્રમો અને બાપુની રોમાંચક કથા સફર.... અદ્ભૂત અને અદ્વિતીય શબ્દ ઉપાસકના ગામમાં જવું, જયાં એ શ્વસ્યા એ ઘરમાં રોકાવું એ મારે મન તીર્થ યાત્રા જ હતી...

અંતે... કવિ કલાપીના શબ્દોમાં 'માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાવો.'

**સ્પર્શમણિ :**

'પોતાની બેઠક બદલવી તે વિકાસ અને બીજાની બેઠક બદલવી તે ક્રાંતિ અને ભક્તિની સાચી સમજણથી જ તે સંભવિત છે.'

- પૂ. પાંડુરંગ શાસ્ત્રી

● ● ●

'વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી; માથે ધરું ધૂળ વસુંધરાની.'

- ઉમાશંકર જોશી

rasikvaland1965@gmail.com
Mo. 9913426949

## જીએસટી બિલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હેઠળ રાજયના નાણાપ્રધાનોની બનેલી જીએસટી કાઉન્સિલ પ્રસ્તાવિત લોટરી યોજનાની તપાસ કરશે. લોટરીની યોજના માટે પાત્ર બનવા મિનિમમ કેટલી રકમનું બિલ હોવું જોઈએ એ પણ નક્કી કરવામાં આવશે. યોજના મુજબ ગ્રાહક કલ્યાણ ભંડોળમાંથી આ લોટરી યોજના માટે નાણાં આવશે. જીએસટીની આવકના છિંડા (લુપહોલ્સ) પૂરવા માટે સરકાર લોટરી અને ક્યુઆર કોડ આધારિત ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહિત કરવા સહિત બિઝનેસથી ગ્રાહક સોદાના વિકલ્પ અંગે વિચારણા કરશે.

## ટ્રસ્ટની રચના

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની સાથે સંબંધિત તમામ વિષય પર નિર્ણય લેવામાં પૂર્ણરીતે સ્વતંત્ર રહેશે. મોદીએ સરકાર તરફથી રામ મંદિર ટ્રસ્ટ પર એલાન કરતા કહ્યુ હતુ કે રામમંદિર માટે એક સ્વાયત્ત ટ્રસ્ટ બનાવવામાં આવનાર છે. સંસદમાં આ અંગેની મોદીએ જાહેરાત કરીને તમામને ઉત્સાહથી ભરી દીધા હતા. તેમણે માહિતી આપતા કહ્યુ હતુ કે સવારમાં કેબિનેટની બેઠકમાં રામ મંદિરને લઈને મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. તેમણે કહ્યુ હતુ કે તેમની સરકારે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ભવ્ય મંદિર નિર્માણ અને તેની સાથે જોડાયેલા અન્ય વિષય પર નિર્ણય કરવા માટે એક વિશાળ યોજના તૈયાર કરી લીધી છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ એક સ્વાયત્ત ટ્રસ્ટ શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્રની રચના ના પ્રસ્તાવને પાસ કરવામાં આવ્યો છે. મોદીએ કહ્યુ હતુ કે નવમી નવેમ્બરના દિવસે અયોધ્યાના મામલે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા બાદ દેશવાસીઓએ પરિપકવતાનો પરિચય આપ્યો હતો. તેઓ તેમની પ્રશંસા કરે છે. અમારી સંસ્કૃતિ અમારી પરંપરા, વસુધેવ કુટુમ્બકમના દર્શન કરાવે છે. સાથે સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે. તેમણે કહ્યુ હતુ કે ભારતમાં દરેક પંથ હિન્દ, મુસ્લિમ, શિખ, ખ્રિસ્તી અથવા તો બૌદ્ધ, જેન, પારસી તમામ એક વિસ્તૃત પરિવારના હિસ્સા તરીકે છે. અમે પરિવારના દરેક સભ્યોનો વિકાસ થાય તેમ ઈચ્છીએ છીએ. પરિવારના દરેક સભ્યનો વિકાસ થાય તેમ અમે ઈચ્છીએ છીએ. મોદીએ સંસદમાં કહ્યુ હતુ કે સુન્ની વક્ફ બોર્ડને અયોધ્યમાં પાચં એકર જમીન ફાળવવામાં આવનાર છે. યુપી સરકારે પણ પોતાની સહમતિ આપી દીધી છે. મોદીએ લોકસભામાં પોતાના નિવેદનમાં કહ્યુ હતુ કે ભારતની પ્રાણવાયુમાં, આદર્શોમાં, મર્યાદાઓમાં ભગવાન શ્રીરામ અને અયોધ્યાની ઐતિહાસિકતાથી અમે પરિચિત રહેલા છીએ. ભવિષ્યમાં રામલલ્લાના દર્શન માટે આવનાર શ્રદ્ધાળુઓની સંખ્યાને ધ્યાનમાં લઈન આ નિર્ણય કરવામાં આવ્યો છે. મોદીએ કહ્યુ હતુ કે કાનુન મુજબ ૬૭.૦૭ એકર જમીન ટ્રસ્ટને ટ્રાન્સફર કરવામાં આવનાર છે. જેમાં અંદર અને બહારના પ્રાંગણ સામેલ છે. મોદીએ કહ્યુ હતુ કે રામલલ્લા વિરાજમાનની જમીન પણ ટ્રસ્ટને મળનાર છે. આ ટ્રસ્ટ ભવ્ય અને દિવ્ય મંદિરનુ નિર્માણ કરનાર છે.છેલ્લા ૭૦ વર્ષથી ચાલી રહેલી કાયદાકીય લડાઈ, ૪૦ દિવસ સુધી સતત ચાલેલી મેરેથોન સુનાવણી બાદ આખરે નવમી નવેમ્બરના દિવસે અયોધ્યા મામલામાં સુપ્રીમ કોર્ટે તેનો ઐતિહાસિક ચુકાદો આપી દીધો હતો. સુપ્રિમ કોર્ટે સંપૂર્ણ વિવાદાસ્પદ જમીન રામલલા વિરાજમાનને સોંપવાનો હુકમ કર્યો હતો. સાથે સાથે સુન્ની વક્ફ બોર્ડને અયોધ્યામાં જ કોઈ અન્ય જગ્યા પર પાંચ એકડ જમીન આપવાનો હુકમ કર્યો હતો. આ ચુકાદા પર ભારતભરમાં તમામ લોકોની બાજ નજર રહેલી હતી. રાજકીય રીતે ખુબ જ સંવદેનશીલ ગણાતા રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ પર સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે સર્વસંમંતિથી અથવા તો ૫-૦થી આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. નિર્મોહી અખાડાના દાવાને ફગાવી દેવામાં આવ્યો હતો. સાથે સાથે સુપ્રીમ કોર્ટે રામલલા વિરાજમાન અને સુન્ની વકફ બોર્ડને જ પક્ષકાર તરીકે ગણ્યા હતા. ટોપની કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા વિવાદાસ્પદ જમીનને ત્રણ હિસ્સામાં વિભાજિત કરવાના નિર્ણયમાં પણ સુધારો કર્યો હતો.

## સુધારને મંજુરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે ઠેરવ્યું હતું કે, આ ફેરફારના પરિણામ સ્વરુપે ફાઈનાન્સિયલ સ્થિરતા વધુ મજબૂત થશે. કો-ઓપરેટિવ બેંકોના સીઈઓની નિમણૂંક કરવા માટે લાયકાત નક્કી કરવામાં આવશે. આરબીઆઈની પરવાનગી કોમર્શિયલ બેંકોના કેસમાં નિયમ મુજબ નિમણૂંક પહેલા લેવામાં આવશે. આરબીઆઈના માર્ગદર્શન મુજબ જ ઓડિટની પ્રક્રિયા હાથ ધરાશે. જો કોઈ કો-ઓપરેટિવ બેંક દબાણ હેઠળ હશે તો સેન્ટ્રલ બેંક બોર્ડના નિર્ણયને અસ્વિકાર કરી શકશે. કો-ઓપરેટિવ બેંકોને તબક્કાવારરીતે આરબીઆઈની માર્ગદર્શિકા પાળવા સમય આપવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારામને શનિવારના દિવસે બજેટ રજૂ કરતી વેળા આ અંગેની જાહેરાત કરી હતી. બજેટ ૨૦૨૦-૨૧માં સીતારામને કહ્યું હતુ કે, કો-ઓપરેટિવ બેંકોને મજબૂત કરવા માટે બેંકિંગ રેગ્યુલેશન એકટમાં સુધારા કરવામાં આવી રહ્યા છે. પ્રોફેશનાલિઝમને વધારવા માટે આ નિર્ણય લેવામાં આવી રહ્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મૂડી સુધારવાના પ્રયાસ થઈ રહ્યા છે. પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ (પીએમસી) બેંકના કૌભાંડના અનુસંધાનમાં આ નિર્ણય ખુબ મહત્વપૂર્ણ છે.

## રક્ષા ક્ષેત્રમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક્સપોર્ટ ૩૫૦૦૦ કરોડ સુધીનું લક્ષ્ય છે. આ વિઝન સાથે ઈતિહાસની સીખ છે, હાલની જરૂરિયાત છે અને ભવિષ્યની ચિંતા પણ.

પીએમ મોદીએ કહ્યું કે 'આપણે આઝાદી સાથે અમારી શક્તિઓનો પ્રયોગ યોગ્ય રીતે ન કર્યો. જેથી આપણે સૌથી મોટા હથિયારોના આયાતક બની ગયા. જો આપણે આયાતક બની રહીએ છીએ તો આપણે પાંચ ટ્રિલિયન ઈકોનોમી કેવી રીતે બની શકતા. આ સ્થિતિને બદલવા માટે ૨૦૧૪ બાદ એક પછી એક મોટા પરિવર્તન કર્યા. અમારી સરકાર પણ ઈચ્છે છે કે રક્ષા ઉત્પાદન ફક્ત સરકારી કંપનીઓ ન કરે પરંતુ સરકારી ભાગીદારી પણ હોય. હવે માર્ગ ખુલી ગયા છે, પાંચ નવી લેબ બની ગઈ છે. ડીઆરડીઓમાં જેથી રિસર્ચ થઈ શકે. પીએમ મોદીએ કહ્યું જેમ-જેમ યુગ બદલાઈ રહ્યો છે સુરક્ષાની ચિંતા પણ વધી રહી છે. પીએમએ કહ્યું કે ટેક્નોલોજીનો ખોટો ઉપયોગ દુનિયા માટે ખતરો છે.

## આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેબ્રુઆરીએ કાશ્મીરના સમર્થનમાં પ્રદર્શન કરવામાં આવશે. સાથે જ ચેતવણી પણ આપવામાં આવી છે કે કોઈએ દુકાન ખોલી તો તેને નુકસાન પણ ભોગવવુ પડી શકે છે. જોકે, પોલીસે પોસ્ટરને પોતાના કબજામાં લઈ લીધુ છે. પૂંછમાં મંગળવાર સવારથી ખરાબ હવામાન વચ્ચે પાકિસ્તાની સેનાએ આતંકીઓની ઘુષણખોરી કરાવવાના ઈરાદે સૈન્ય ચોકી અને ગ્રામીણ વિસ્તારના રહેણાક વિસ્તારને નિશાન બનાવી ગોળીબાર કર્યો હતો. સેનાની જવાબી કાર્યવાહીને કારણે પાકિસ્તાનના નાપાક ઈરાદા સફળ થઈ શક્યા નહતા.

## સિયાચીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ લોકો જાણે છે કે દુર્ગમ વિસ્તાર અને વધારે ઉંચાઈ હોવાના કારણે જમ્મુ કાશ્મીરમાં સ્થિત સિયાચીન સેક્ટરમાં તૈનાત જવાનોની ફરજ સૌથી વધારે મુશ્કેલ ગણવામાં આવે છે. બહુગુણા ગયા વર્ષે ત્યાં તૈનાત કરવામાં આવ્યા હતા. આ સમાચાર એટલા માટે પણ ચિંતાજનક છે કે તાજેતરમાં જ સંસદમાં રજૂ કરવામાં આવેલા કેગના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે સિયાચીન અને લડાખમાં તૈનાત જવાનોની પાસે ઠંડીથી બચવા માટે પુરતા પ્રમાણમાં વસ્ત્રો નથી. આ ઉપરાંત તેમની પાસે અન્ય સાધનો પણ નથી. સ્નો, ગોગલ્સ, બુટ, જેકેટ, સ્લિપિંગ બેંગોની કમી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે સિયાચીનમાં તૈનાત જવાનો માટે રેશનિંગની પણ કમી છે.જો કે સેના પ્રમુખ જનરલ મનોજ મુકુન્દ નરવણેએ કહ્યુ છે કે આ રિપોર્ટ ૨૦૧૫-૧૬ની સ્થિતી પર કેગ રિપોર્ટ આધારિત છે. જે રિપોર્ટ જુનો છે.